નકસલવાદી પ્રવૃત્તિનો સૂત્રધાર શ્રીનિવાસ હૈદ્રાબાદથી ઝડપાયો

ગુજરાત એટીએસ શ્રીનિવાસને પકડી લાવી : શ્રીનિવાસની પૂછપરછમાં નકસલવાદને લઇ ચોંકાવનારા ખુલાસા થયા

અમદાવાદ, તા.૨૪

નકસલવાદી પ્રવૃત્તિના મુખ્ય સૂત્રધાર અને પ્રતિબંધિત નકસલવાદી સંસ્થા સીપીઆઇ (માઓઇસ્ટ) શ્રીરામુલા શ્રીનિવાસ ઉર્ફે કિરણ ઉર્ફે અમર ઉર્ફે સુદર્શન ઉર્ફે આનંદ ઉર્ફે આંબેડકર ઉર્ફે પપન્ના ઉર્ફે લંકોને ગુજરાત એટીએસની ટીમે હૈદ્રાબાદ ખાતેથી ઝડપી લીધો છે અને તેને અહીં લઇ આવી છે. શ્રીનિવાસની પૂછપરછમાં ઘણા ચોંકાવાનારા ખુલાસા સામે આવ્યા છે જે મુજબ, તે સુરત સહિત દક્ષિણ ગુજરાતના ક્ષેત્રોમાં વિવિધ લેબર યુનિયન અને અનરજિસ્ટર્ડ સંગઠનો મારફતે નકસલવાદની પ્રવૃત્તિ આચરતો હતો અને તેના મૂળિયા આ સંગઠનો માધ્યમ મારફતે પ્રચાર-પ્રસાર થકી મજબૂત બનાવતો હતો. આરોપી શ્રીનિવાસ સુરતના કામરેજ પોલીસ મથકના અનલોફુલ એકટીવીટીઝ (પ્રિવેન્શન) અમેન્ડમેન્ટ એકટ-૨૦૦૪ની વિવિધ કલમો અને આઇપીસીની કલમ-૧૨૦(બી), ૧૨૧(એ), ૧૨૪(એ) અને ૧૫૩(એ)(બી) સહિતના ગુનાઓમાં છેલ્લા ઘણા સમયથી નાસતો ફરતો હતો.

ગુજરાત એટીએસની ટીમ દ્વારા આરોપી શ્રીરામુલા શ્રીનિવાસને ચોક્કસ બાતમીના આધારે તેલંગાણા રાજયના હૈદ્રાબાદ ખાતેથી ઝડપી લેવાયો હતો.

શ્રીનિવાસની પૂછપરછમાં ચોંકાવનારી માહિતી સામે આવી હતી કે, તે પ્રતિબંધિત નકસલવાદી સંસ્થા સીપીઆઇ (માઓઇસ્ટ)નો ભૂમિગત હોદ્દેદાર અને સભ્યપદ ધરાવતો હતો. જે તે સમયે તેણે સુરત, ઉત્તર મહારાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત સહિતના ક્ષેત્રોમાં રાષ્ટ્રવિરોધી ક્રાંતિકારી જનયુધ્ધ છેડવાના ઈરાદાથી ધાર્મિક અલ્પસંખ્યકો અને વનવાસી આદિવાસીઓમાં ભ્રામક પ્રચાર કરી પાડોશી રાજયોના નકસલવાદથી અસરગ્રસ્ત ક્ષેત્ર સાથે સંપર્કમાં રહી રાષ્ટ્રવિરોધી કૃત્ય માટે કાવતરૂં રચ્યું હતું.

આરોપી શ્રીરામુલા શ્રીનિવાસ નવજવાન ભારત, ગુજરાત પાવર લુમ્સ મજદુર યુનિયન, ગુજરાત ટેક્ષ્ટાઇલ મજદુર યુનિયન, ટેક્ષ્ટાઇલ મજદુર યુનિયન, મજદુર વિકાસ મંચ, ક્રાંતિકારી કામદાર સંગઠન, સુરત નાગરિક અધિકાર મંચ સહિતના અનરજિસ્ટર્ડ યુનિયન અને સંગઠનોને ફ્રન્ટ તરીકે આગળ રાખી જરૂરી સાહિત્ય તૈયાર કરી કેડરો સુધી પહોંચાડતો હતો અને સીપીઆઇ (એમએલ) પીડબ્લ્યુજી પાર્ટીની મજબૂત કેડરો તૈયાર કરી સશસ્ત્ર તાલીમ માટે જંગલમાં મોકલી સંગઠન મજબૂત બનાવી નકસલવાદની પ્રવૃત્તિનો પ્રચાર-પ્રસાર કરતો હતો.એટીએસના અધિકારીઓએ શ્રીનિવાસની પૂછપરછ જારી રાખી રાષ્ટ્રવિરોધી કાવતરાના હજુ ચોંકાવનારા તથ્યો બહાર લાવવાના પ્રયાસો ચાલુ રાખ્યા છે.

ગાંધીનગર તાલુકાના ચિલોડા દૂધ ઉત્પાદક મંડળી અને કર્ણાવટી દાંતની હોસ્પિટલના સંયુકત ઉપકમે દુધ ઉત્પાદક મંડળીના હોલમાં ફ્રી ડેન્ટલ ચેક અપ કેમ્પનું આયોજન કરાયું હતું. આ કેમ્પમાં ચિલોડા ગામના લાભાર્થીઓએ દાંતની તપાસણીનો લાભ લીધો હતો.

એમ. પી. વિહોલનો વિદાય સમારંભ યોજાયો

ગાંધીનગર, તા.૨૪

કલોલ તાલુકા તલાટી કમ મંત્રી મંડળ દ્વારા મહેન્દ્રસિંહ પી. વિહોલ તલાટી કમ મંત્રી રકનપુરવાળા (પ્રમુખ-ગાંધીનગર જિલ્લા તલાટી મંડળ) વયનિવૃત થતા તેઓનો વિદાય સન્માન સમારોહ તાલુકા વિકાસ અધિકારી કલોલ એ.આર.ડોડીયાના અધ્યક્ષ સ્થાને તા.૨૩-૯-૧૭ ના રોજ કલોલ તાલુકા પંચાયતના સભાખંડ ખાતે યોજાયો હતો. જેમાં આસપાસના ગામના સરપંચો તેમજ તલાટી મિત્રો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

મહેન્દ્રસિંહ વિહોલ છેલ્લા ૩૯ વર્ષથી તલાટી કમ મંત્રી તરીકે ફરજ બજાવતા હતા. પોતાની ફરજના વર્ષો દરમિયાન તેઓએ વિવિધ ગામમાં ફરજો બજાવી છે. વહીવટી કામગીરીમાં નિપુણ તેમજ હસમુખા સ્વભાવવાળા હોવાથી ગ્રામજનોના મનમાં પણ આગવું સ્થાન તેઓ ધરાવતા હતા. તમામ પ્રશ્નોનું નિરાકરણ સરળતાથી લાવી દેતા તેમની કામગીરીની પ્રશંસનીય કામગીરીને અધિકારીઓએ બિરદાવી હતી.

આ નિવૃતિ વિદાય સમારોહ પ્રસંગે સાથી કર્મચારીઓએ શ્રીફળ પડો આપી તેઓનું નિવૃત જીવન સુખમય અને શાંતિમય પસાર થાય તેવી શુભકામના પાઠવી હતી. જયારે એમ.પી. વિહોલના વિદાય સમારોહ પ્રસંગે સાથી કર્મચારીઓની આંખના ખુના ભીના બન્યા હતા.જયારે એમ.પી. વિહાલે પણ નોકરીના સમયગાળાને યાદ કરીને સૌ અધિકારી-કર્મચારીઓના ખટ્ટમીઠા અનુભવો યાદ કરતા ગળગળા થઈ ગયા હતા. આ પ્રસંગે હરીશચંદ્ર વાઘેલા પ્રમુખ અને મહામંત્રી ગુજરાત રાજય ત.ક.મંત્રી મંડળના હસમુખ પટેલ, આર. જી. પ્રજાપતિ, એચ. એમ. સૈયદ, વિપુલભાઈ બારોટ, કે.પી.પટેલ, હેમંતભાઈ ત્રિવેદી સહિત મહાનુભાવો અને કર્મચારીઓ હાજર રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન બી.એમ.રબારી તેમજ આભારવિધી એન. પી. ચૌધરીએ કરી હતી.

નરોડામાં ગૃહસ્થને કટીંગ ચા કુલ ૭૫ હજારમાં પડી

અમદાવાદ,તા. ૨૪

શહેરના નરોડા વિસ્તારમાં ગેલેક્સી સિનેમા પાસે ચા પીવા ઉભા રહેલા એક ગૃહસ્થની બાઈકની ડેકીમાં રૂ.૭૫ હજાર રોકડા ભરેલી બેગ ચોરી ગઠિયો ફરાર થઈ ગયો હતો. બેગમાં રોકડા રૂપિયાની સાથે કેટલાક મહત્વના દસ્તાવેજો પણ હતા, જે ચોરાઈ ગયા હતા. આમ, એક કટીંગ ચા ગૃહસ્થને રૂ.૭૫ હજારમાં પડી હતી. ચા પીવા જતાં ગૃહસ્થે રૂ.૭૫ હજાર ગુમાવતાં સમગ્ર વિસ્તારમાં આ બનાવ ચર્ચાનું કેન્દ્ર બન્યો હતો.

અરવલ્લી જિલ્લા રેડક્રોસ સોસાયટી દ્વારા રક્તદાતાઓનું સન્માન કરાયું

મોડાસા, તા.૨૪

અરવલ્લી જિલ્લામાં મોડાસા ખાતે જેસીસ હોલ ખાતે આજરોજ ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી અરવલ્લી મોડાસાની દ્વિવાર્ષિક જનરલ સભા પ્રાંત કલેકટર અને રેડક્રોસ પ્રમુખ ચૌહાણબહેનના પ્રમુખપદે અને રાજયના ડિરેકટર સુરેશભાઈ, રામદેવપુત્ર દીપકભાઈને મુખ્ય મહેમાનપદે યોજાયો હતો.

પ્રારંભે રેડક્રોસ સોસાયટીના ચેરમેન ભરતભાઈ પરમારે બેઉ વર્ષ દરમિયાનની રેડક્રોસ સોસાયટીની અનેકવિધ સેવાઓનો ચિતાર આપવા સાથે આગામી વર્ષમાં લોકકલ્યાણની વધુ સેવાઓ ઉજાગર કરવાની નેમ વ્યક્ત કરી હતી.સમાજના જરૂરિયાત મંદ વર્ગને આરોગ્ય વિષયક સેવાઓ માટે અદ્યતન લેબ અને કિફાયત દરે

મેડિકલ દવાઓ માટે જનરેટિક સ્ટોર શરૂ કરવાના કામો અંતિમ તબક્કામાં હોવાનું જણાવી સમાજમાંથી દાતાઓ તરફથી તેમાં આર્થિક સહયોગ માટે અપીલ કરી હતી.

ગત મિટિંગનું પ્રોસીડિંગ વિઠ્ઠલભાઈ પટેલે અને બેઉ વર્ષના વાર્ષિક હિસાબોની વાંચન જીતેન્દ્ર અમીને કર્યું હતું. જેને સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી. આ દ્વિવાર્ષિક જનરલ સભામાં ઓડિટર તરીકે સી.એ. ઋજુલભાઈ પટેલની નિમણૂક સર્વાનુમતે કરવામાં આવી હતી. રેડક્રોસ સોસાયટી તરફથી વિવિધ સેવાઓના દાતાઓનું અને પ્રિન્ટ તેમજ ઈલેક્ટ્રોનિક મીડિયાના પત્રકાર મિત્રોનું પણ પ્રાંત કલેકટર ચૌહાણ બહેન, રાજય ડિરેકટર સુરેશભાઈ, ચેરમેન ભરતભાઈ પરમાર તથા માનદ મંત્રી રાકેશભાઈ જોશી વગેરેના હસ્તે શિલ્ડ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

મોડાસા શહેર અને જિલ્લામાંથી મોટી સંખ્યામાં સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. ચેરમેન ભરતભાઈએ ૨૦૧૫થી શરૂ કરાયેલ રેડક્રોસ સોસાયટી, અરવલ્લી દ્વારા જે પ્રજાકીય સેવા કર્યો થયાં તેમાં સહભાગી સહુને અને રેડક્રોસ સોસાયટીના સાથી તમામ હોદ્દેદારો-સાથીઓને આ સેવા માટે બિરદાવ્યા હતા.

વિશેષ કામગીરી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૧૪મા નાણાપંચનું સામાજિક ઓડિટ બાકી હોય તો તે પૂર્ણ કરાશે. આ ઉપરાંત વિલેજ ડેવલપમેન્ટ પ્લાન અને ગામના વિકાસ માટે ખૂટતી કડીઓની ચર્ચા કરવી જેવા વિષયો હાલ સૂચવવામાં આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે પસંદગી કરેલ ગામોમાં ગરીબી નિર્મૂલન માટે કોઈ ઔદ્યોગિક એકમો કે ઉદ્યોગપતિ આગળ આવતા હોય તો તેવા ગામો દત્તક આપવાની કામગીરી પણ અલગથી કરવાની રહેશે.

આ માટે ગ્રામીણસ્તરે જ રોજગારી કેવી રીતે ઉભી થઈ શકે તે અંગે વિલેજ ડેવલપમેન્ટ પ્લાનને આખરી ઓપ આપવા ચર્ચા કરવી. પશુપાલન, ટુરિઝમ, ઓર્ગેનિક ફાર્મિંગ, હોર્ટીકલ્ચરલ ફાર્મિંગ જેવા વિષયો પણ વિચારણામાં લઈ તેનો ડેવલપમેન્ટ પ્લાનમાં સમાવેશ કરવો.

જિલ્લામાં હાલ સર્વેની તૈયારીઓ જિલ્લાગ્રામ વિકાસ એજન્સી દ્વારા થઈ રહી છે. આ સપ્તાહમાં સમગ્ર કાર્યવાહી પૂર્ણ થઈ જશે તેમ મનાઈ રહ્યુ છે. જો કે હાલ તંત્ર પર વિવિધ બાબતો એક સાથે ચાલી રહી હોવાથી તંત્ર પણ કોને અગ્રતા આપવી તેની દ્વિધામાંથી પસાર થઈ રહેલ છે.

આંદલન કરશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરવામાં આવે, હંગામી અને કરાર આધારિત નિમણુંક તુરંત બંધ કરવામાં આવે, હાલ હંગામી સેવા બજાવતા તમામ તબીબી શિક્ષકોને તુરંત નિયમિત કરવામાં આવશ, ટ્યુટર સંવર્ગમાં ત્રીજું ટીકુની કાર્યવાહી કરી તુરંત આપવામાં આવે, વિભાગ દ્વારા કરવામાં આવેલ ગેરકાયદેસર આદેશો તાત્કાલિક રદ કરવામાં આવે, અનેક બીજા વહીવટ પ્રશ્નોના તાત્કાલિક નિરાકરણ કરવામાં આવે.

ખેડબ્રહ્મા પોલીસે દાંતા પોલીસ પાસેથી ટ્રાન્સફર વોરન્ટ થી ૩ બાઈકચોર લાવી રિમાન્ડ માટે રજૂ કર્યા. ખેડબ્રહ્મામાં ૨ માસ અગાઉ ચોરાયેલા ૫ બાઈકના ગુનાની તપાસ માટે દાંતા પોલીસથી રાજુભાઈ બાબુભાઈ પરમાર - પેપોદરા, રામજીભાઈ રમેશભાઈ ગમાર- કુવારસી, જગાભાઈ નાથાભાઈ -ભાંડમાલને લાવી શીતલચોકમાંથી ભરતભાઈ ચૌહાણનું જીજે.સીએ.૩૦૦૩ પરત મેળવ્યું હતું અને ૩ને વધુ તપાસ માટે કોર્ટમાં રિમાન્ડ માટે રજુ કર્યા હતા.

શહેરમાં ઉજ્જિવન સ્મોલ ફાઈનાન્સ બેન્કની કામગીરી શરૂ

ઉજ્જિવન ફાઈનાન્સિયલ સર્વિસિસ લિમિટેડની સંપૂર્ણ માલિકીની પેટા કંપની ઉજ્જિવન સ્મોલ ફાઈનાન્સ બેન્ક લિમિમિટેડ આજે બે શાખાઓ લોન્ચ કરવા સાથે અમદાવાદમાં તેની બેન્કિંગ કામગીરી શરૂ કરવાની જાહેરાત કરી હતી. બેન્કની શાખાઓ નવા વાડજ અને સીટીએમ ખાતે આવેલી છે. સેલ્ફ - એમ્પ્લોઈડ વિમેન્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા (સેવા)ના સ્થાપક ઈલા ભટ્ટે આજે ઉજ્જિવન સ્મોલ ફાઈનાન્સ બેન્કની નવા વાડજ શાખાનું ઉદ્ઘાટન કર્યું હતું.

ઉજ્જિવન ૩ સક્રિય શાખાઓ સાથે જૂન, ૨૦૧૪થી અમદાવાદમાં કામગીરી ધરાવે છે. આ શાખાઓ શહેરના આશરે ૨૧,૪૦૦ ગ્રાહકોને સેવાઓ પૂરી પાડે છે. હાલના માઈક્રોફાઈનાન્સ ગ્રાહકો ટૂંક સમયમાં જ બેન્ક ગ્રાહક તરીકેનો દરજ્જો પામશે. ૪૨૦૦થી વધુ વર્તમાન ગ્રાહકોને બેન્ક ગ્રાહકમાં પરિવર્તિત કરવાની કામગીરી શરૂ કરી દેવાઈ છે. ઉજ્જિવન ગુજરાતના ૧૪ જિલ્લાઓમાં ૩૦ શાખાઓની મદદથી ૧.૮ લાખથી વધુ ગ્રાહકોને સેવાઓ પૂરી પાડે છે.

ગુજરાત લોન્ચિંગ પ્રસંગે બોલતા ઉજ્જિવન સ્મોલ ફાઈનાન્સ બેન્ક લિમિમિટેડના સીઈઓ સમિત ઘોષે જણાવ્યું હતું કે આશરે એક દાયકાથી વધુ સમયથી અમારા ગ્રાહકોને એક લઘુ ધિરાણ એકમ તરીકે સેવાઓ ઉપલબ્ધ બનાવ્યા બાદ અમદાવાદમાં આજે બેન્કિંગ કામગીરીની શરૂઆતની જાહેરાત કરીને હું અત્યંત આનંદની લાગણી અનુભવું છું. ગુજરાત અમારા માટે એક ચાવીરૂપ માર્કેટ છે. આવતીકાલે અમે વડોદરામાં બે શાખાઓ શરૂ કરી રહ્યા છીએ. લોન્ચિંગના સાત જ મહિનામાં અમે દેશના ચારેય પ્રદેશોમાં અમારી હાજરી પ્રસ્થાપિત કરી છે.

ભાગીદાર બને... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ટેકો મળી રહ્યો છે તે અભૂતપૂર્વ બાબત છે. સ્વચ્છ ભારતમાં લોકો પોતાની ભૂમિકા અદા કરી રહ્યા છે. મોદીએ ઉમેર્યું હતું કે, સ્વચ્છતાના અભિયાનમાં મિડિયાની ભૂમિકા પણ વધી રહી છે. સરદાર પટેલે સમગ્ર દેશને એક સાથે જોડવાનું કામ કર્યું હતું. અમે તેમના દાખલા ઉપર આગળ વધી રહ્યા છીએ અને એકતાના મંત્ર સાથે વધી રહ્યા છે. એકતા ભારતની શક્તિ દર્શાવે છે. દરેક વ્યક્તિ દેશના વિકાસમાં યોગદાન આપવા માટે ઈચ્છુક છે. નવરાત્રિ તહેવાર અને દિવાળી ફિફા ૨૦૧૭ વર્લ્ડકપ વચ્ચે યુવા પેઢીને ખુબ સારી તક રહેલી છે. મોદીએ આ પ્રસંગે કહ્યું હતું કે, દેશના વિકાસ અને સમાજના વિકાસમાં ભૂમિકા ભજવવા માટે લોકો તૈયાર છે. પોતાના સંબોધનમાં મહાત્મા ગાંધી, પૂર્વ વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રી, જય પ્રકાશ નાયારણ, દિનદયાળ ઉપાધ્યાય, નાનાજી દેશમુખ જેવા મહાપુરુષોના સમાજ નિર્માણમાં યોગદાનની પ્રશંસા કરી હતી. મોદીએ શહીદોના પત્નિની પ્રશંસા કરતા કહ્યું હતું કે, સેનામાં સામેલ થયેલા લેફ્ટીનન્ટ સ્વાતિ અને નિધીની કુશળતા તમામ લોકો સામે આવી ગઈ છે. વડાપ્રધાને ૩૧મી ઓક્ટોબરના દિવસે રન ફોર યુનિટિ કાર્યક્રમથી વધુને વધુ લોકોને જોડવા માટે કહ્યું હતું. દેશવાસીઓને ફુટબોલ સાથે જોડાવવાની પણ અપીલ કરી હતી. દેશવાસીઓને નવરાત્રિની શુભેચ્છા પણ પાઠવી હતી. મોદીએ ખાદી જયંતિના અવસરે ખાદીના મહત્વની પણ વાત કરી હતી. શ્રીનગરમાં રહેતા બિલાલદારના ડાલ સરોવરની સફાઈમાં યોગદાનની પણ વાત કરી હતી અને કહ્યું હતું કે, બિલાલે દાલ સરોવરમાંથી એકલા ૧૨૦૦૦ કિલો કચરાની સફાઈ કરી છે. શ્રીનગર નગરનિગમ દ્વારા બિલાલને સફાઈના બ્રાન્ડ એમ્બેસેડર બનાવવાને લઈને પ્રસંશા કરી હતી. આકાશવાણી પરથી પ્રસારિત થતાં પોતાના કાર્યક્રમમાં તેમણે કહ્યું હતું કે, સ્વચ્છતા અભિયાન આંદોલન તરીકે લોકો લઈ રહ્યા છે. સંકલ્પ સાથે લોકો આગળ વધી રહ્યા છે. સ્વચ્છતા હી સેવાના પખવાડિયા સાથે પ્રથમ ચાર દિવસમાં ૭૫ લાખ લોકો જોડાઈ ચુક્યા છે.

કાયદા અને કાનૂન ● ૪ પાનાનું ચાલુ...

કરવાની થાય અને જયારે કરાર રજીસ્ટ્રર થાય ત્યારબાદ આવા વ્યવહારની નોંધો મામલતદારમાં પ્રમાણિત નિયમ મુજબ કરવામાં આવશે જેમાં ગેરકાયદેસર મોઢાના કરારોનો સમાવેશ કરવામાં આવેલ છે.

કૌટુંબીક વહેંચણી માટેની નોંધને ઉપરોકત હુકમથી બાકાત રાખવામાં આવેલ છે આવી વહેંચણી અંગે રજીસ્ટ્રર દસ્તાવેજ કરવામાં મુશ્કેલી ઉભી થાય તેથી કૌટુંબીક વહેંચણી અંગેની નોંધો પ્રમાણિત કરવા માટે રજીસ્ટર દસ્તાવેજ કરાવવો જરૂરી નથી.

ગણોતીયાના કિસ્સામાં પાકની નોંધ આગલા વર્ષ કરતા બદલાય તથા ખેડૂત તરીકે નામ બદલાતા અથવા ગણોતીયા તરીકે સળંગ ત્રણ વર્ષ જમીન ખેડૂતા નામે કરવા અરજી આપે તો જમીનના સ્થળ ઉપરની હક્કિતનું પંચનામું કરી તલાટીએ મામલતદારને રીપોર્ટ મોકલી આપવાનો રહે છે. ગણોત અંગેની નોંધ કે ખેડ હક્ક બદલાયા અંગેની નોંધ મામલતદાર પુરતી ચકાસણી કર્યા બાદ જ પ્રમાણિત કરશે અથવા ના મંજુર કરશે.

જમીનમાં હિત ધરાવતા પક્ષકારો અગાઉના ખેડૂતો મુળ માલીકો અને વાસદારોને નોંધ અંગેની જાણ કરતી નોટીસ લેન્ડ રેવન્યુ કોડની કલમ ૧૩૫(ડી) મુજબ પાઠવી જવાબ પુરાવા નિવેદન સાક્ષી સોગંદનામા વિગેરે લઈ જરૂરી ન્યાઈક પ્રક્રિયા પુરી કર્યા બાદ જ ગણોત કે માલીકની નોંધ મામલતદાર દ્વારા પ્રમાણિત કરવામાં આવશે.

હક્ક પત્રકમાં નોંધોની ફેરફાર થાય પ્રમાણિત થાય અગર ના મંજુર થાય તો તમામ રેકર્ડ ગ્રામ પંચાયતમાં મામલતદારે મોકલવું ફરજીયાત છે. ગ્રામ પંચાયતની સામાન્ય્ સભામાં આવી નોંધોનું વંચાણ તલાટી દ્વારા ફરજીયાત કરવાનું રહે છે જમીન વિકાસ બેન્ક કે શીડ્યુલ બેન્કના લેણાની નોંધ પણ રેવન્યુ રેકર્ડમાં ફરજીયાત કરવાની રહે છે. એનએ દ્વારા આ માટે ફોર્મ નં. ૫૮ થી તલાટી મંત્રી ગીરોખતની નકલ સાથે જમીન ઉપર બોજો કરવા માટે પ્રક્રિયા કરવી ફરજીયાત છે જીની નોંધ ૭-૧૨, ૬ પત્રક ઉપરાંત તલાટી ચોપડીએ કરવી ફરજીયાત કરાઈ છે બોજા મુક્તિના પ્રમાણપત્ર બાદ આવી નોંધ મામલતદાર રદબાતલ ઠરાવી શકશે.

સંપાદન થયેલ જમીન અથવા ફેરફાર થયેલ સર્વે નંબર માપ વર્ણન સુધારા નોંધો તથા પક્ષકારોને આવી ફેરફાર નોંધની નકલ મોકલવી ફરજીયાત છે. ૧૯૬૧ ના ગુજરાત સરકારી મંડળી લી. ના અધિનિયમની કલમ ૪૮(૨), ૪૮(૩) મુજબ પણ મંડળીના તારણની નોંધો રેવન્યુ રેકર્ડમાં કરવી ફરજીયાત છે.

સરકારના પરિપત્ર મુજબ હવેથી કાયદેસર, ગેરકાયદેસરના તમામ વ્યવહારોની નોંધ તલાટી દ્વારા રેવન્યુ રેકર્ડમાં કરવી ફરજીયાત છે જેથી ગેરરીતી કે છેતરપીંડીનો ભોગ બનતા કિસ્સા બંધ થશે અને ખેડૂતો પોતાની જમીન જાળવી શકશે.

અતિતની આજ ● ૪ પાનાનું ચાલુ...

તરી ગયાની ઘણી રોચક કહાણીઓ ચર્ચામાં છે.

વડા પ્રધાન આબે અને વડા પ્રધાન મોદીએ ગાંધીનગર ખાતે ૧૪ પાનાંનું સંયુક્ત નિવેદન બહાર પાડીને વેપાર-ઉદ્યોગ જ નહીં; આતંકવાદ સામેની લડત, લશ્કરી બાબતો તથા પર્યટન તથા યોગવિષયક સમજૂતી કરવા પર ભાર મૂક્યો છે.આ સંયુક્ત ઘોષણાપત્રમાં નોર્થ-ઈસ્ટ રોડ નેટવર્ક કનેક્ટિવિટી ઈમ્પ્રૂવમેન્ટ પ્રોજેક્ટ (ફેઝ-૨) માટે પણ જાપાન લોન આપવાનું હોવા સામે ચીનને વાંધો પડ્યો છે.ભારતીય રાજ્ય અરુણાચલ પ્રદેશ પર ચીન દાવો કરતું રહ્યું છે.એટલે એણે જાપાનના સહકારથી અહીં પ્રકલ્પ હાથ ધરાય એ સામે વિરોધ કર્યો છે.ચીન એ ભૂલી જાય છે કે એણે ભારતીય પ્રદેશમાં કારાકોરમ હાઈવે ધરાર બાંધ્યો છે અને હવે ચીન પાકિસ્તાન ઈકોનોમિક કરીડોર ભારતના જ અને પાકિસ્તાને ગપચાવેલા ગિલગિટ-બાલ્ટિસ્તાન પ્રદેશમાં બાંધી રહ્યું છે.ભારતના પોતાના હિતમાં નિર્ણય કરવાનો અધિકાર વડા પ્રધાનને છે, સાથે જ ચીન અને પાકિસ્તાન ઘૂરકિયાં કરતાં હોય ત્યારે અમેરિકા, જાપાન સાથેની મૈત્રીને ઘનિષ્ઠ બનાવવી જરૂરી છે. જોકે, વડા પ્રધાન પણ સુપેરે જાણે છે કે પ્રત્યેક દેશ ભારતના મહા-બજારને ધ્યાને લઈને જ સાથસહકાર માટે આગળ આવે છે. કોઈ ભારત પર ઉપકાર કરવા આવતું નથી. આવા સંજોગોમાં બુલેટ ટ્રેનના વિવિધ પ્રકલ્પોથી લઈને મેટ્રો રેલવેના પ્રકલ્પો તેમજ અત્યાધુનિક ટેકનોલોજીનો લાભ ભારતને મળે એ દિશામાં આર્થિક દૃષ્ટિએ પૂરતો વિચાર કરીને નિર્ણયો લેવાય એ ખૂબ જરૂરી છે. ચીન સાથેની ડોકલામ મડાગાંઠ વખતે જાપાન નિસંદિગ્ધ શબ્દોમાં ભારતને પડખે રહ્યું હતું. એ વેળા અમેરિકા અને રશિયા બેઉ ભારત-ચીનને મંત્રણા કરીને હલ આણવાના પક્ષે હતાં. સદનસીબે એ વેળા યુદ્ધ ટળી ગયું, અન્યથા વિશ્વયુદ્ધ ભણીના સંજોગો આકાર લઈ રહ્યા હતા.ભારત-જાપાન વચ્ચેના ઉષ્માભર્યા સંબંધો સ્થપાય એને કારણે ચીનના પેટમાં તેલ રેડાવું સ્વાભાવિક છે.જાપાન બુલેટ ટ્રેન પ્રકલ્પ માટે ભારતને લોન આપશે.ગુજરાત અને મહારાષ્ટ્રની સરકારોએ આ પ્રકલ્પ માટે જરૂરી જમીન અધિગ્રહણ કરવાની જવાબદારી નિભાવવાની છે અને એનો ખર્ચ પણ વહોરવાનો છે.

જાપાનના દૂતાવાસમાં દાયકાઓ સુધી કાર્યરત રહેલા એક અધિકારીએ કહ્યું હતું કે જાપાનના વૃદ્ધ પેન્શનરોએ તો બૅંકોમાં નાણા સાચવવા માટે મૂકવા સામેથી નાણા ચૂકવવાં પડે એવા સંજોગો છે. એનો અર્થ એ થયો કે ચીનની જેમ જાપાન કને પણ વિપુલ માત્રામાં નાણાભંડોળ ફાજલ પડ્યું છે અને એટલે જ એ સાવ જ સસ્તા વ્યાજદરે કે નહીંવત્ વ્યાજદરે લાંબા ગાળા માટે ધિરાણ કરી શકે છે. ભારત એના માટે ખૂબ જ દૂઝણું બજાર છે. જોકે, ભારતે જાપાનથી વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન ૯.૬૩ અબજ ડૉલરની આયાત કરી હતી. આ જ વર્ષ દરમિયાન જાપાનને ભારતની નિકાસ માત્ર ૩.૮૫ અબજ ડૉલરની હતી. આની તુલનામાં ચીન સાથે ભારતનો આયાત-નિકાસનો આંકડો ઘણો મોટો છે: ભારત વર્ષે ૬૦ અબજ (બિલિયન) ડૉલરની આયાત કરે છે અને ૧૦ અબજ ડૉલરની નિકાસ કરે છે.જોકે હવે ભારત અને જાપાન વચ્ચેનો વેપાર વધવાની શક્યતા છે.

- haridesai@gmail.com

વિસ્ફોટક સ્થિતિ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. મોડી રાત્રે ડીએચયુ હોસ્ટેલથી પેટ્રોલ બોંબ પણ ઝીંકવામાં આવ્યા હતા. હિંસા ફેલાઈ ગયા બાદ મોટી સંખ્યામાં પોલીસ જવાનો તૈનાત કરી દેવામાં આવ્યા છે. બીજી બાજુ આજે પણ સ્થિતિ વિસ્ફોટક રહી હતી. આજે રવિવારે બપોરે સંકુલમાં સ્થિતિ એકાએક વણસી ગઈ હતી. બપોરે ૧૨ વાગે બ્રોચા હોસ્ટેલની સામે ટ્રેક્ટરમાં આગ લગાવી દેવામાં આવી હતી જ્યારે એલડી ગેસ્ટ હાઉસ ચાર રસ્તા ઉપર શાંતિમાર્ચ કાઢી રહેલી વિદ્યાર્થીનીઓ ઉપર પ્રોક્ટોરિયલ બોર્ડના સુરક્ષા કર્મીઓએ લાઠીચાર્જ કર્યો હતો. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આ મામલાને ગંભીરતાથી લઈને કાર્યવાહી કરવાનો સંકેત આપીદીધો છે. એમ માનવામાં આળે છે કે, સુરક્ષા કર્મીઓ દ્વારા કરવામાં આવેલા લાઠીચાર્જમાં અડધા ડઝન જેટલી વિદ્યાર્થીનીઓ ઘાયલ થઇ છે જેથી નારાજ થયેલા વિદ્યાર્થીઓએ ત્રિવેણી છાત્રાવાસની નજીક જોરદાર પથ્થરમારો કર્યો હતો. ઘટના સ્થળે પહોંચેલા સુરક્ષા કર્મીઓએ લાઠીચાર્જ કરીને દેખાવકારોને અલગ કરી દીધા હતા. વિદ્યાર્થીનીઓનું કહેવું છે કે, કેટલાક અસામાજિક તત્વો આંદોલનમાં સામેલ થઇ ગયા છે. બીએચયુના વિદ્યાર્થીઓનું કહેવું છે કે, વિદ્યાર્થીનીઓને ભયભીત કરવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. યોગી આદિત્યનાથ સરકાર હવે કાર્યવાહી કરવાના મૂડમાં દેખાઈ રહી છે. વારાણસીના ડીએમ અને એસએસપીએ પ્રતિક્રિયા આપતા કહ્યું છે કે, કાયદાને હાથમાં લેનાર વિદ્યાર્થીઓ સાથે પણ કડકરીતે કાર્યવાહી કરવામાં આવશે.

ભારે ધસારો

● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. કેન્દ્ર સરકાર આધાર સર્વિસ સેન્ટરોને ઝડપથી વધારી રહી છે. કારણ કે, દરેક ખાતા ધારકને ૩૧મી ડિસેમ્બર સુધી આધાર નંબર જમા કરવાની જરૂર પડનાર છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સ દ્વારા પણ ડિસેમ્બર સુધી પેન નંબર સાથે આધારને જોડવા માટેની છેલ્લી તારીખને લંબાવી દીધી છે. બેંકિંગ સેક્ટરના એક અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે, યુનિક આઈડી ઓથોરિટી ઓફ ઈન્ડિયાના આદેશને પાળવા માટે બેંકો સંપૂર્ણરીતે તૈયારીમાં છે. કેનેરા બેંકનું કહેવું છે કે, સમગ્ર ભારતમાં તેના દ્વારા ૧૦૪૦ આધાર સેન્ટરો ખોલવામાં આવી ચુક્યા છે. સેન્ટર ઉપર મોટી સંખ્યામાં લોકોનો ધસારો પણ જોવા મળી રહ્યો છે. આ ધસારો હજુ અકબંધ રહી શકે છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮